



## પ્રાંતિજ જનસેવા કેન્દ્રમાં વિવિધ દાખલા લેવા અરજદારોનો ભારે ધસારો

પ્રાંતિજ ખાતે આવેલ જનસેવા કેન્દ્રમાં આજકાલ કિસાનો અને વિદ્યાર્થીઓની લાઈનો જોવા મળે છે અને દિવસ દરમ્યાન કિડીયાળાની જેમ જનસેવા કેન્દ્રમાં ભારે ધસારો જોવા મળે છે અને અસંખ્ય ગરમીમાં ખેડૂતો અને વિદ્યાર્થીઓની સ્થિતિ કફોડી બની છે. તાલુકા સેવાસદન ખાતે આવેલ મામલતદાર કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં ત્રણ દિવસથી જનસેવા કેન્દ્રમાં કિડીયાળાની જેમ ખેડૂતો ૭/૧૨ અને ૮-અ ના ઉતારા માટે અને વિદ્યાર્થીઓ આવકના દાખલા અને ક્રિમીનર સર્ટી માટેની સવારથી જ લાંબી લાંબી લાઈનો જોવા મળે છે અને ગરમીમાં લાઈનમાં ઉભેલા ખેડૂતો અને વિદ્યાર્થી સેકાઈ જાય છે. ત્યારે તંત્ર દ્વારા અન્ય કોઈ વિકલ્પ કે વ્યવસ્થા ના કરવામાં આવતા ખેડૂતો સહિત વિદ્યાર્થીઓને સાંજ સુધીમાં તો પગે સોજા આવી જાય છે અને માત્ર સર્ટી અને દાખલા માટે એક જ બે દિવસ બગાડવા પડે છે અને લાઈનમાં ચકમક જરી તુ...તુ.. મેં...મે...ની સ્થિતિ સર્જાય છે. ત્યારે તંત્ર દ્વારા માનવતાની દૃષ્ટિએ વિદ્યાર્થીઓને આવકના દાખલા અને ક્રિમીનલ સર્ટી તથા ખેડૂતોને ૭/૧૨ અને ૮-અના ઉતારા ઝડપથી અને સહેલાઈથી અને મળી રહે તે માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવું પંથકના લોકો જણાવી રહ્યા છે.

## ઉભરાણથી મગોડી માર્ગ બિસ્માર હાલતમાં

ઈસરી, તા. ૫

માલપુર તાલુકાના છેવાડે આવેલ ગામ મગોડીથી ઉભરાણ વચ્ચેનો ૭ કિમી જેટલો રસ્તો છેલ્લા કેટલાય વર્ષથી બિસ્માર થઈ ગયો હોવાથી અકસ્માતોનું પ્રમાણ આ રોડ પર દિન પ્રતિદિન વધી રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ મગોડીથી ઉભરાણ વચ્ચેનો જોવા મળે છે. ઉભરાણ હાઈસ્કૂલ પાસે ચોમાસામાં આ રોડ પરના મોટા મોટા ખાડાઓમાં પાણી ભરાતુ હોવાથી ખાડા દેખાતા નથી જેથી અકસ્માતો થવાનો ચોક્કસ ભય રહેલો છે. આ રોડ નવો બનાવવા અને સમારકામ કરવા માટે ગ્રામજનો દ્વારા તંત્ર સમક્ષ વારંવાર રજુઆત કરવા છતાં આ બિસ્માર રોડનું કોય



રસ્તો છેલ્લા કેટલાય વર્ષથી બિસ્માર હાલતમાં છે અને આ રસ્તા પર અસંખ્ય પ્રમાણમાં મોટા મોટા ખાડા હોવાથી ઘણા બધા અકસ્માતો થયા છે. તેથી જો આ રોડ તાકિદે નવો બનાવવામાં ન આવે અથવા સમારકામ હાથ ધરવામાં ન આવે તો ભવિષ્યમાં મોટા અકસ્માતો થવાની ચોક્કસ ભીતી સેવાઈ રહી છે.

અત્રે નોંધનીય બાબત તો એ છે કે ઉભરાણ ગામ એક વિશાળ ગામ છે અને આ ગામમાં બાલમંદિરથી લઈ ધોરણ-૧૨ સુધી અને આઈટીઆઈ સુધીના અભ્યાસક્રમ એક જ શાળા કેમ્પસમાં આવેલ હોવાથી આજુબાજુના અસંખ્ય વિદ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ અર્થે આવે છે. ત્યારે આ વિદ્યાર્થીઓના વાલીઓમાં પણ આ બિસ્માર રોડને લઈને પોતાના બાળકોના અકસ્માતનો સતત ભય નિરાકરણ ન આવતાં ગ્રામજનોમાં તંત્ર સામે રોષની લાગણી ભભુકી ઉઠી છે. આ રો અંગે ઉભરાણ ગ્રામ પંચાયતના સરપંચ મહેશભાઈ પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે આ ૭ કિમી રોડ સિંચાઈ વિભાગમાં આવતો હોવાથી સિંચાઈ વિભાગમાં મેં ઘણીવાર રજુઆતો કરી છે, આ ૭ કિમી રોડ સિંચાઈ વિભાગ ન બનાવી શકતું હોય તો આ રોડ આર.એન્ડ.બી. વિભાગને સોંપવામાં આવે જેથી આ રોડ ઝડપથી બને અને આ રોડ પર થતા અકસ્માતો ઓછા થાય તેવું જણાવ્યું હતું. તેથી જો આ રોડ તાકિદે નવો બનાવવામાં અને સમારકામ હાથ ધરવામાં ન આવે તો ગ્રામજનો આંદોલનની ચીમકી ઉચ્ચારશે જેથી સત્વરે આ બિસ્માર અને ખખડધજ રોડ નવો બનાવવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

## અરવલ્લીમાં ધૂળની રજકણોથી વાતાવરણ ધુંધળુ બન્યું

### અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં ધીમા પવન સાથે ધૂળની રજકણો ઉડતાં વિઝીબીલીટીમાં ઘટાડો : હવામાનના તાપમાનમાં આશિંક ઘટાડો

મોડાસા, તા. ૫

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં ઉનાળો મધ્યાહાને પહોંચ્યો છે અને ગત સપ્તાહ દરમિયાન ગરમીએ દેકારો બોલાવ્યા બાદ બુધવારે જિલ્લાના આકાશે વાદળો ચઢી આવતા દિવસ દરમિયાન ગમરીમાં આંશીક રાહત અનુભવાઈ હતી. ગુરૂવારે સવારે બન્ને જિલ્લાના વાતાવરણમાં વિચિત્ર પ્રકારનો પલટો આવતા વહેલી સવારથી જ જાણે આકાશમાંથી ધૂળના રજકણો વરસતા હોય તેમ વાતાવરણ ધૂંધળુ બન્યું હતું. સતત દિવસ દરમિયાન ધીમા પવન સાથે ધૂળના રજકણોથી જનજીવન પ્રભાવિત બન્યું હતું. હવામાન સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ ગરમીથી રાહત મળશે.

અરવલ્લી-સાબરકાંઠાના વાતાવરણમાં છેલ્લા દસેક દિવસથી ઉછાળો બરોબર જામ્યા બાદ ગત સપ્તાહના અંતમાં કાળઝાળ ગરમીનો અનુભવ થયો હતો. ચાલુ સપ્તાહની શરૂઆતમાં ગરમીનો પારો નીચે આવવા માંડતા આંશીક રાહત અનુભવાઈ હતી. બુધવારે સવારથી જ જિલ્લાના આકાશમાં વાદળોનો આવનજાવન શરૂ થઈ ગઈ હતી અને દિવસ દરમિયાન આકાશે વાદળો છવાયેલા રહેતા ગરમીમાં નોંધપાત્ર ૨ ડીગ્રી જેટલો પારો ગગડતા ઘટાડો થયો હતો. બન્ને જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવતા હાશકારો અનુભવ્યો હતો. ગુરૂવારે જિલ્લાના વાતાવરણમાં વધુ એક ધૂળિયો પલટો આવતા જિલ્લાના પ્રજાજનોમાં ભારે અચરજ ફેલાયી હતી. ગુરૂવારે વહેલી સવારથી જ જિલ્લાનું વાતાવરણમાં ધૂળના રજકણો ઉડતા વાતાવરણ ધૂંધળુ બન્યું હતું. વાતાવરણમાં ધીમા પવનો સાથે જાણે આકાશમાંથી ધૂળના રજકણો વરસતા હોય તેમ દિવસ દરમિયાન ધૂળના રજકણો ઉડતા વાહનચાલકો અને પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા હતા. સતત ધૂળની રજકણો ઉડતા રહેણાંક વિસ્તારના પ્રજાજનોને ફરજીયાત ઘરના બારી-બારણા બંધ રાખવાની ફરજ પડી હતી. હવામાન ધૂંધળુ બનતા પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર બન્ને જિલ્લાના આકાશમાં વાદળો આવન-જાવન ચાલુ રહેશે અને તાપમાનમાં ક્રમશઃ એકાદ-બે ડીગ્રીનો ઘટાડો થશે. ૧૦ મે સુધીમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી ઘટી શકે છે. મે મહિનામાં ઉનાળો આકરો ગણાય છે અને મે મહિનાના પ્રથમ સપ્તાહમાં જ વાદળોની અવર-જવર વચ્ચે તાપમાનમાં ઘટાડો થવાથી જિલ્લાના પ્રજાજનોને મે આકરા તાપથી અને દેહદઝાડતી ગરમીથી રાહત અનુભવશે.





અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ દ્વારા સંચાલિત આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી બે મુસ્લિમ યુવતીઓએ ગાયત્રી પરિવાર શાંતિકુંજ દ્વારા ચાલતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જિલ્લા તથા તાલુકામાં બીજુ અને ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરી હિન્દુ સંસ્કૃતિનું નામ ઉજાગર કર્યું છે. મોડાસા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી નગ્માબેન માં. હનીફ સાઈવાલા અને અસ્માબાનુ અબ્દુલમજીક સીદ્ધુએ સ્થાન પ્રાપ્ત કરી હિન્દુ-મુસ્લિમ સમાજના એકતાનો ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. બન્ને મુસ્લિમ યુવતીઓએ જણાવ્યું હતું કે ભારતમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના કેટલાક વિસ્તારોમાં લોકો એક બીજાને કટ્ટર નજરથી જુએ છે ત્યારે ધાર્મિક ગ્રંથોમાં જોવા જઈએ તો બધુ એક જ છે અને ભારત દેશ જ એક એવા બિનસંપ્રાદાયિક દેશ છે જ્યાં સર્વધર્મના લોકો રહે છે. દરેક વ્યક્તિ જો ખરેખર માણસ થઈને જીવે તો વિશ્વનો સર્વશ્રેષ્ઠ દેશ બને અને સૌથી વધુ પ્રગતિશિલ દેશ બને.

## મોડાસા જિલ્લા પંચાયત ભવન અને ભૂગર્ભ ગટર યોજનાનું લોકાર્પણ કરાશે

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લા ખાતે જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં તા. ૭-૫-૨૦૧૬ના રોજ સવારે ૮-૩૦ વાગે જિલ્લા સેવાસદન કેમ્પસ શામળાજી રોડ મોડાસા ખાતે જિલ્લા પંચાયતનું ખાતમુહુર્ત તેમજ માલપુર અને ધનસુરા ગામની 'રૂર્બન' ભૂગર્ભ ગટર યોજનાનું લોકાર્પણ કાર્યક્રમનું ઉદઘાટન પણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનું ખાતમુહુર્ત તેમજ લોકાર્પણ કાર્યક્રમનું ઉદઘાટન મંત્રી શ્રીરજનીકાન્ત પટેલ ગૃહ પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, નશાબંધી તેમજ મંત્રી જયંતિભાઈ ક્વાડીયા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રીના વરદ હસ્તે થનાર છે.

આ ખાતમુહુર્ત તેમજ લોકાર્પણ કાર્યક્રમમાં સંસદ સભ્ય દીપસિંહ રાઠોડ, જિલ્લા પ્રમુખ રાજેન્દ્રકુમાર પારધી તેમજ અરવલ્લી જિલ્લાના ધારાસભ્યો ઉપસ્થિત રહેનાર છે. જિલ્લા સેવા સદનમાં યોજાનાર જિલ્લા પંચાયતના ખાતમુહુર્ત અંગેનો કુલ ૨૯.૪૦ લાખના ખર્ચે થનાર છે. તેમજ માલપુર ખાતે 'રૂર્બન' ભુગર્ભ ગટર યોજનાનો કુલ ખર્ચ ૭૭૯.૩૧ લાખના ખર્ચે થનાર છે. તેમજ ધનસુરા ખાતે રૂર્બન ભુગર્ભ ગટર યોજનાનો કુલ ખર્ચ ૧૧.૨૦ કરોડના ખર્ચે લોકાર્પણ કાર્યક્રમ મંત્રીશ્રીના હસ્તે થનાર છે.

## મૌછા ગામે પ્રેમીના હત્યાના ત્રીજા દિવસે પ્રેમીકાનો મૃતદેહ મળતા ચકચાર

પ્રાંતિજ, તા. ૫

પ્રાંતિજના મૌછા ગામની સીમમાં આવેલ ખેતરમાંથી આજે આસરોડા ગામની યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે આજ સ્થળેથી થોડે દૂર યુવતીના પ્રેમીનો પણ હત્યા કરાયેલ મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ બન્ને હત્યા પ્રેમ પ્રકરણના કારણે કરવામાં આવી હોય તેવી પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે આ મામલે તપાસ વધુ તેજ બનાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના આસરોડા ગામ પાસેની મૌછાની સીમમાં એક ખુલ્લા ખેતરમાંથી અજાણી યુવતીનો બીન વારસી મૃતદેહ મળી આવ્યો હતો. ખેતર માલિક શિવસિંહ પરમારે મૃતદેહ અંગે પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસના પી.આઈ. સહિત જિલ્લા પોલીસ વડા ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા. મૃતક યુવતી અંગે પોલીસે તપાસ હાથ ધરતા તે નીલમ નામની યુવતીનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું છે. ત્રણેક દિવસ પહેલા નીલમના પ્રેમી ભરતસિંહની હત્યા થઈ ગઈ હતી. નીલમની પણ હત્યા થઈ હોવાની શંકાને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રેમી અને પ્રેમીકાની હત્યા અંગે ગામમાં અરેરાટી મચી જવા પામી છે. તો બીજી તરફ બબ્બે મર્ડરના હત્યારા સુધી પહોંચવા પોલીસના હાથ ટુંકા પડી રહ્યા છે.

# સુઈગામ તાલુકાના પાડણ ગામે પાણીનો પોકાર

## વર્ષો બાદ પાઈપલાઈન આવી પણ હજુ સુધી પાણી આવ્યુ નથી

પાલનપુર, તા. ૫

બનાસકાંઠામાં હાલ આકાશમાંથી અગનગોળા વરસી રહ્યાં છે. રણ પ્રદેશના ગરમ પવનનો રૂખ ઉત્તર ગુજરાત તરફ વળ્યો છે. જેના પગલે અનેક પશુઓ આગ સમાન ગરમીમાં સેકાઈ રહ્યાં છે. અબોલ જીવો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા તળાવના કાદવ કીચડવાળુ ખારૂ પાણી પીવા પણ મજબુર બન્યા છે. તેવામાં સુઈ ગામ તાલુકાના પાડણ ગામના લોકોની પીડા કેટલી અસહ્ય હશે તેના વિચાર માત્રથી કંપારી છુટી જાય છે.

પાકિસ્તાનને અડીને આવેલ ભારતીય જમીન પર સુઈગામ તાલુકાના પાડણ ગામમાં ૩ હજારથી વધુ પરિવારો રહે છે. બનાસકાંઠાના સરહદી સુઈગામ તાલુકાના છેવાડાનું પાડણ ગામ પાણીના પ્રશ્ને હર હંમેશ ચર્ચામાં રહ્યું છે. આ ગામ બાદ અફાટ રણ આવે છે જ્યાં માત્ર ને માત્ર દુર દુર સુધી ગાંડા બાવળ અને ખારા પાણીના ખાબોચિયા, મીઠાના થર અને ભયાવહ એકાંત દેખાય છે, ત્યારે આવા સુખા ભઠ્ઠ પાકિસ્તાન બોર્ડર નજીકની ભારતીય સરહદી વિસ્તારમાં પાણી પહોચાડવા સરકારી બાબુઓએ એક લાઈન માડં આટલા વર્ષે નાંખી છે. જો કે તે કામ હજુ પુર્ણ થયું નથી જેના લીધે ગામના લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે અહી પીવા માટે પાણીના પોકાર વારંવાર ઉઠતા રહે છે પરંતુ સ્થાનિક લોકોની માંગ હજુ સંતોસાઈ નથી.

ગામ લોકોને અત્યારે એકાંતરે પાણી પુરવઠો પહોચાડવામાં આવે છે. ગામ લોકોની માંગ છે કે છ ઈંચની લાઈન નાખવામાં આવે જો કે સરકાર દ્વારા ચાર ઈંચની પાઈપ નાખી છે પરંતુ તેમાં જોડાણ કરવામાં આવ્યું નથી.

ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી આ વિસ્તારના ધારાસભ્ય છે. લોકોએ ખોબે ખોબે વોટ આપીને તેમને જીતાડ્યા છે જો કે અંતરિયાળ ગામોમાં હાલ જ્યાં પાણી પાણીના પોકારો છે ત્યાં ગામ લોકોની વાતની હજુ સરકારે જાણે કોઈ જ ગંભીરતા લીધી નથી ગામના આગેવાનોએ સ્થાનિક ધારાસભ્યોએ પણ આ સમસ્યાથી વાકેફ કર્યા હોવા છતાં તેમની પીડા હજુ એમની એમ જ છે.